# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૨તા.૦૩-૦૮-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : શાળાકક્ષાએ વાલી સંમેલનનું આયોજન કરવા બાબત.

સંદર્ભ : ક્રમાંક એસએસ/આઈઈસી/કોમ્યુ.મોબી/૨૦૨૪/૩૩૦૪૭-૮૫, તા.૩૧-૦૭-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે, વાલી સંમેલન અને ડોકયુમેન્ટેશન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રથમ વાલી સંમેલન ૧૫ મી ઓગસ્ટ-૨૦૨૪ અને બીજુ વાલી સંમેલન ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૫ના રોજ શાળાકક્ષાએ યોજવાનું રહેશે. આ સાથે સામેલ પત્ર મુજબ વાલી સંમલેનના ચર્ચાના મુદ્દાઓ મુજબ કામગીરી કરવાની રહેશે. સંદર્ભિત પત્રમાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે. દર્શાવેલ કોષ્ટક મુજબની આંકડાકીય માહિતી તા.૧૬-૦૮-૨૦૨૪ના રોજ જે-તે સીઆરસી.કો.ઓ.ને મોકલી આપવાની રહેશે.

આ માટેની ગ્રાન્ટ રૂ.૧૦૦૦/- એસ.એમ.સી.કક્ષાએ ફાળવી આપવામાં આવશે. જે પત્રમાં દર્શાવેલ માર્ગદર્શન મુજબ ખર્ચ કરવાનું રહેશે

બિડાણઃ- સંદર્ભિત પત્ર

તા.૦૩-૦૮-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

\

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩,
Email : -- spossamedia@gmail.com
Toll Free No.1800-233-7965

NIPUN BHARAT

पायानी साक्षरता अने अंक ज्ञान

સમગ્ર શિક્ષા Samagra Shiksha

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંકઃએસ.એસ./IEC કોમ્યુ.મોબી/૨૦૨૪/33047-85 તા. ૩૧.૦૭.૨૦૨૪

પ્રતિ
૧.જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણ સમિતિ
જિલ્લા તમામ
૨.શાસનાધિકારીશ્રી તમામ અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત

વિષયઃશાળા કક્ષાએ વાલી સંમેલનનું આયોજન કરવા બાબત.
સંદર્ભઃ-માન.સચિવશ્રી (પ્રાથ.અને માધ્ય.શિક્ષણ)ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે.

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે,વર્ષ-૨૦૨૪-૨૫ અન્વયે (સ્કૂલ ઓફ એકસલન્સના EAP માં આઇ.ઇ.સી.કોમ્યુ.મોબી.)બે વાલી સંમેલન અને ડોકયુમેન્ટેશન કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.પ્રથમ વાલી સંમેલન ૧૫મી ઓગષ્ટ ૨૦૨૪ સ્વાતંત્ર્ય દિન અને બીજું વાલી સંમેલન ૨૬મી જાન્યુઆરી-૨૦૨૫ પ્રજાસત્તાક દિન કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.સમાજ જાગૃતિ તથા જન જાગૃતિના સંદર્ભમાં ગામના નાગરિકો, કેળવણીકારો,શાળામાં ભણતા બાળકોના વાલીઓ જેટલા જાગૃત હશે, શાળાના વિકાસમાં જેટલો રસ ધરાવશે તેટલી શાળા વધારે જીવંત તથા સમૃધ્ધ બનશે.ઉપરાંત ગામના તમામ બાળકોને શાળામાં શિક્ષણ માટે નિયમિત મોકલશે અને ગુણવત્તાયુકત શિક્ષણની અનિવાર્યતા સમજશે.પરિણામે શાળા દ્વારા સારા નાગરિકોનું ઘડતર થશે.ઘર એ પણ એક શાળા છે.વાલી જાગૃત હશે,તો જ બાળકોને સારા સંસ્કારોનું સિંચન કરશે.આ સંદર્ભમાં રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ કે.જી.બી.વી હોસ્ટેલમાં બે વાલી સંમેલનનું આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) વાલી સંમેલનના ચર્ચા કરવાના મુદાઓ

- સમગ્ર શિક્ષા ની અલગ અલગ એકટીવીટીની ચર્ચા.
- શાળામાં શિક્ષણ WSDP (Whole School Development Plan)પર વિચારણા અને ચિંતન.
- શાળા સ્વચ્છતા , ટોયલેટ સ્વચ્છ તેમજ ચોખ્ખું પાણી અંગે ચર્ચા .
- બાળકોના પ્રવેશ નિયમિતતા શિક્ષણની ગુણવત્તા.

- ૬ થી ૧૪ વર્ષની વયજૂથના શાળા બહારના બાળકોના પ્રવેશ અને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ, સીઝનલ હોસ્ટેલ તેમજ સ્કુલ ઓન વ્હીલ પ્રોજેકટ બાબતે ચર્ચા.
- ઓનલાઇન અને ડિજીટલ માધ્યમથી શિક્ષણ.
- વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો CWSN સાધન સામગ્રીની પ્રાપ્તિ તથા તેના ઉપયોગની જાણકારી.
- ટ્રાન્સપોર્ટ તથા એસ્કોર્ટની સગવડતાનું યોગ્ય આયોજન.
- વોકેશનલ એજયુકેશન શિક્ષણ અને તેનું જીવનમાં ઉપયોગી થાય.
- ડ્રોપ આઉટ અને કન્યા શિક્ષણ માટે ચિંતન.
- જ્ઞાનકુંજ પ્રોજેકટ,સ્કૂલ ઓફ એકસેલન્સ કાર્યક્રમ બાબતે ચર્ચા.
- જ્ઞાનશકિત રેસીડેન્શીયલ સ્કૂલ બાબતે ચર્ચા.
- વૃક્ષારોપણ,જળસંચય,ગ્રીનસ્કુલ,કમ્પ્યુટર લેબનો ઉપયોગ માટે વિચારણા.
- નવી શિક્ષણ નીતી બાબતે. Foundational Literacy and Numeracy (FLN)
- મોડલ સ્કૂલ અને મોડેલ ડે સ્કૂલ વિશે ચર્ચા.
- નિપુણ ભારત હેઠળ પાયાના વાંચન,લેખન અને ગણન કૌશલ્યો પર વધુ ભાર.

(૨) વાલી સંમેલનમાં કોણ આમંત્રિત હશે.? વાલી સંમેલનમાં એસ.એમ.સી/કે.એમ.સીના સભ્યો ઉપરાંત શાળામાં ભણતાં અન્ય બાળકોના વાલીઓ,જે તે વિસ્તારના વડીલ આગેવાન વ્યકિતઓ, ગામના રોલ મોડેલ સમાન વ્યકિતઓ ગામ પ્રેરક અને કર્મનિષ્ઠ વ્યકિતત્વ ધરાવતા કેળવણીકારો.

(૩) શાળાઓમાં પ્રવૃતિઓની ચર્ચાઃ-

પ્રથમ સત્રમાં તમામ એસ.એમ.સી/કે.એમ.સી.માં ૧૫ મી ઓગસ્ટ-૨૦૨૪ના સ્વાતંત્ર્ય દિન નિમિત્તે વાલી સંમેલનની ઉજવણી અને બીજાં સત્રના વાલી સંમેલનમાં ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૫ પ્રજાસત્તાક દિન નિમિત્તે "દીકરીની સલામ દેશને નામ" કાર્યક્રમની ઉજવણી કરવાની રહેશે.આ કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે ગામમાં જેટલી દીકરીઓનો જન્મ થયો હોય તેટલી દીકરીઓ અને તેમના માતા-પિતાને આમંત્રણ પત્રિકા આપીને બોલાવવાના રહેશે. આ ઉપરાંત ગામમાં સૌથી વધારે જે દીકરી ભણેલ હોય અને હાલ ગામમાં રહેતી હોય તેવી દીકરીને અને તેમના માતા-પિતાને ગામની શાળા વ્યવસ્થાપન સમિતિ દ્રારા જાન્યુઆરી-૨૦૨૫ ના દિવસે સન્માનપત્ર દીકરીને શાળા કક્ષાએ બોલાવી પ્રથમ હરોળ માં બેસાડી તેમનું સન્માન કરવું અને તેમને સ્મૃતિ ચિન્હ આપવું તેમજ ગામની સૌથી વધુ ભણેલી દિકરીને મુખ્ય અતિથિ બનાવી તેની પાસે ધ્વજવંદન કરાવવું.જેમાં CWSN દિકરી જો ગામમાં હોય તો તેને પ્રથમ પસંદગી આપવી.

(૪) શાળા કક્ષાએ ગ્રાન્ટની ફાળવણીઃ-એક વાલી સંમેલનના રૂ.૫૦૦/-(એક વાલી સંમેલનના સરભરા ખર્ચ રૂ.૩૦૦/-અને ડોકયુમેન્ટેશનના રૂ.૨૦૦/-)મંજુર થયેલ છે.જેથી તમામ સરકારી પ્રાથમિક શાળાઓ તથા

કે.જી.બી.વીમાં ૧ શાળા દીઠ વર્ષના કુલ બે વાલી સંમેલનના રૂ.૧૦૦૦/- ખર્ચ કરવાનો રહેશે.૨૬મી જાન્યુઆરી-૨૦૨૫ના કાર્યક્રમની જાણ જે તે સમયે કરવામાં આવશે.આ ખર્ચ (સ્કૂલ ઓફ એકસલન્સના EAP આઇ.ઇ.સી.કોમ્યુનીટી મોબીલાઇઝેશન )હેડ હેઠળ ઉધારવાનો રહેશે.

આ અંગેની ગ્રાન્ટ જિલ્લા કક્ષાએથી એસ.એમ.સી/કે.એમ.સીમાં જમા થાય તે રીતે કાર્યવાહી કરવા ડી.પી.સી શ્રીઓ અને શાસનાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

(૫) વાલી સંમેલનમાં નીચે મુજબની ખાસ તકેદારી રાખવીઃ-

૧. વાલી સંમેલનની સફળતાની શરતો માટે અસરકારક આયોજન તથા મોનીટરીંગ કરવાનું રહેશે.
૨. જે વાલી સંમેલન થાય તેની વિગતવાર નોંધ રાખવી અને વિઝીટબુકમાં સહીઓ લેવી તથા ડોકયુમેન્ટેશન કરાવવાનું રહેશે.
૩. વાલી સંમેલનમાં જે સુચનો થયા હોય તેનું સત્વરે અમલીકરણ થાય તે ખાસ જોવાનું રહેશે.
૪. વાલીસંમેલનનો સમય ગામના આગેવાનો તેમજ વાલીઓને અનુકૂળ હોય તેવો રાખવાનો રહેશે.
૫. વાલી સંમેલનનું પત્રક (જિલ્લાનું એકંદરીકરણ પત્રક)આ સાથે તૈયાર કરી સામેલ રાખેલ છે.જેમાં માહિતી ભરી અત્રે રજુ કરવા જણાવવામાં આવે છે.

**૧૫ ઓગષ્ટ ૨૦૨૪ની આંકડાકીય માહિતી પત્રક**

| ક્રમ | જિલ્લો | સરકારી પ્રા.શાળાની સંખ્યા | કે.જી.બી.વી ની સંખ્યા | ફાળવવામાં આવેલ ગ્રાન્ટ | વાલી સંમેલન મળયા તારીખ | હાજર રહેલ સભ્યો | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પુરૂષ | સ્ત્રી | એસ.એમ.સી ના સભ્યો | |
| | | | | | | | | | |

નિયામકશ્રી
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગાંધીનગર, ગુ.રા

નિયામકશ્રી
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

<u>સવિનય નકલ રવાનાઃ</u>

– પી.એ.ટુ માન.સચિવશ્રી (પ્રા.અને મા.શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુ.રા.,બ્લોક.નં.૫/૭ સરદાર ભવન, ગાંધીનગર.

- નકલ રવાના :

– કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (કયુઇએમ)સદર કચેરી
– કવોલીટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (કયુઇએમ)જિલ્લા કો.ઓ.જિ.તમામ અને નગરપાલિકા તમામ

## I E C Community Mobilization Vali Samelan 2024 EAP

| Sr. | Dist | Ele. School | KGBV | Total | Ele. School /KGBV Rs. 600 / Total | Ele. School /KGBV Rs.400/Total | Total |
|---|---|---|---|---|---|---|---|
| 1 | AHMEDABAD | 686 | 8 | 694 | 416400 | 277600 | 694000 |
| 2 | AMRELI | 773 | 5 | 778 | 466800 | 311200 | 778000 |
| 3 | ANAND | 1018 | 1 | 1019 | 611400 | 407600 | 1019000 |
| 4 | ARAVALLI | 1198 | 6 | 1204 | 722400 | 481600 | 1204000 |
| 5 | BANAS KANTHA | 2346 | 26 | 2372 | 1423200 | 948800 | 2372000 |
| 6 | BHARUCH | 912 | 2 | 914 | 548400 | 365600 | 914000 |
| 7 | BHAVNAGAR | 1006 | 12 | 1018 | 610800 | 407200 | 1018000 |
| 8 | BOTAD | 245 | 3 | 248 | 148800 | 99200 | 248000 |
| 9 | CHHOTAUDEPUR | 1253 | 7 | 1260 | 756000 | 504000 | 1260000 |
| 10 | DEVBHOOMI DWARKA | 585 | 9 | 594 | 356400 | 237600 | 594000 |
| 11 | DOHAD | 1652 | 15 | 1667 | 1000200 | 666800 | 1667000 |
| 12 | GANDHINAGAR | 601 | 1 | 602 | 361200 | 240800 | 602000 |
| 13 | GIR SOMNATH | 549 | 7 | 556 | 333600 | 222400 | 556000 |
| 14 | JAMNAGAR | 709 | 3 | 712 | 427200 | 284800 | 712000 |
| 15 | JUNAGADH | 716 | 3 | 719 | 431400 | 287600 | 719000 |
| 16 | KACHCHH | 1693 | 17 | 1710 | 1026000 | 684000 | 1710000 |
| 17 | KHEDA | 1370 | 1 | 1371 | 822600 | 548400 | 1371000 |
| 18 | MAHESANA | 995 | 3 | 998 | 598800 | 399200 | 998000 |
| 19 | MAHISAGAR | 1194 | 6 | 1200 | 720000 | 480000 | 1200000 |
| 20 | MORBI | 586 | 5 | 591 | 354600 | 236400 | 591000 |
| 21 | NARMADA | 680 | 5 | 685 | 411000 | 274000 | 685000 |
| 22 | NAVSARI | 669 | 2 | 671 | 402600 | 268400 | 671000 |
| 23 | PANCH MAHALS | 1384 | 16 | 1400 | 840000 | 560000 | 1400000 |
| 24 | PATAN | 805 | 10 | 815 | 489000 | 326000 | 815000 |
| 25 | PORBANDAR | 308 | 3 | 311 | 186600 | 124400 | 311000 |
| 26 | RAJKOT | 872 | 3 | 875 | 525000 | 350000 | 875000 |
| 27 | SABAR KANTHA | 1162 | 4 | 1166 | 699600 | 466400 | 1166000 |
| 28 | SURAT | 899 | 3 | 902 | 541200 | 360800 | 902000 |
| 29 | SURENDRANAGAR | 859 | 20 | 879 | 527400 | 351600 | 879000 |
| 30 | TAPI | 798 | 8 | 806 | 483600 | 322400 | 806000 |
| 31 | THE DANGS | 381 | 3 | 384 | 230400 | 153600 | 384000 |
| 32 | VADODARA | 1050 | 1 | 1051 | 630600 | 420400 | 1051000 |
| 33 | VALSAD | 956 | 6 | 962 | 577200 | 384800 | 962000 |
| 34 | xAMC | 449 | 0 | 449 | 269400 | 179600 | 449000 |
| 35 | xRMC | 93 | 1 | 94 | 56400 | 37600 | 94000 |
| 36 | xSMC | 358 | 0 | 358 | 214800 | 143200 | 358000 |
| 37 | xVMC | 119 | 1 | 120 | 72000 | 48000 | 120000 |
| | **Grand Total** | **31929** | 226 | 32155 | 19293000 | 12862000 | 32155000 |